**Class: X**

Gujarati

Sample Question Paper -Term-II

# Code No. 010

| નોંધ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્ર લિખિત સ્વરૂપે ટૂંકા અને લાંબા પ્રશ્નોના આધારીત છે.<br>➢ પ્રશ્નપત્ર કુલ 40 ગુણનું હશે.સમયની ફાળવણી 2 કલાકની હશે.<br>➢ વિદ્યાર્થીઓ પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓને ધ્યાનથી વાંચવું. | ➢ This question paper is based on written short and long questions.<br>➢ The question paper shall be of total 40 marks. Time provided shall be 2Hrs.<br>➢ Students should read carefully the instructions given in the question paper. |
| ➢ પ્રશ્નપત્રને ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.<br>➢ સાહિત્ય વિભાગ- ગદ્ય- પદ્ય તેમજ પૂરકવાચન સાથે... (૧૫ ગુણ)<br>➢ વ્યાકરણ. (૭ ગુણ)<br>➢ લેખન કાર્ય.(૧૮ ગુણ)<br>➢ આપેલી સૂચના પ્રમાણે પ્રશ્નોત્તર લખવાના રહેશે.<br>➢ કુલ ગુણ- ૪૦ | ➢ The question paper is divided into three sections.<br>➢ Literature-including purak vachan prose (15 Marks)<br>➢ Grammar (7 Marks)<br>➢ Writing Skill (18 Marks)<br>➢ Question and answer should be written as per the giver instructions.<br>➢ Total Marks = 40 |
| | |

## ગુજરાતી

## ધોરણ-X (010)

સમય – ૨ કલાક — કુલ ગુણ :૪૦

Time: 2 Hrs. — M.M. :40

## (Literature)

**પ્રશ્ન- ૧(અ) નીચેનું પદ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય જવાબ લખો. (કોઈપણ બે)** **(૨)**

સોફા અને લેમ્પ ને નવું સ્થાન આપ્યું.
બારીના પડદા બદલી નાખ્યા
જૂના ગાલીચાની જગ્યાએ
Wall to wall કારપેટ નખાવી દીધી
સુશોભને પ્રસન્ન થાય છે દીવાનખાનું
સઘળું બરાબર થાય છે ત્યારે જ
છટકે છે મારું મન-
આ બધામાં મને ક્યાં ગોઠવું?
કેન્દ્ર શોધું છું જ્યાં હું સરખી બેસી શકું...
-પણ બારી કનેથી રસ્તો નિહાળતી
હું ઊભી જ રહું છું.

પ્રશ્નો- ૧) નાયિકા દીવાનખાનામાં કઈ કઈ વસ્તુઓ ગોઠવે છે ?
૨) 'દીવાનખાના'ને અંગ્રેજીમાં શું કહેવાય છે?
૩) 'રસ્તો' શબ્દના બે સમાનાર્થી શબ્દ જણાવો.

**પ્રશ્ન- ૧(બ) નીચેના પ્રશ્નોનાં બે- ત્રણ વાક્યોમાં જવાબ લાખો. (કોઈપણ બે)** **(૪)**

૧) 'તે બેસ અહીં' કાવ્યમાં કવિ બીજાના દુ:ખે દુ:ખી થવાની સંવેદનાને શું કહીને સમજાવે છે?
૨) 'તે બેસ અહીં' કાવ્યમાં કવિ દાનનો મહિમા કયા ઉદાહરણ દ્વારા સમજાવે છે?
૩) 'વાદળ ટોચે પહોંચી વેરાઈ ગયું' પંક્તિમાં વ્યક્ત થતો સંદેશ જણાવો.
૪) 'પંખી પિંજરમાં ભરાઈ ગયું' પંક્તિમાં વ્યક્ત થતી વેદના વર્ણવો?

**પ્રશ્ન-૨ (અ) નીચેનો ગદ્યાર્થ વાંચી તેની નીચેના પ્રશ્નોનાં જવાબ લખો. (કોઈપણ ત્રણ)** **(૩)**

વ્રત લીધું ને બીજે દિવસે ભાઈને દારુ પીવા જવાની ઈચ્છા થઈ; પણ યાદ આવ્યું દારુ પીધા પછી કેફમાં જૂઠું બોલાઈ ગયું તો? તો તો સાચું બોલવાનું વ્રત લીધું છે એ તો તૂટે, જુગારની ઈચ્છા થઈ,મનને થયું કે એ બધામાં સાચું બોલીને આગળ આવવું મુશ્કેલ છે પણ ચોરી કરવા ગયા વગર કોઈ છૂટકો જ ન હતો. ચોરી વગર ખાવું શું ? એણે ખૂબ વિચાર કરી જોયો. અંતે નક્કી કર્યું કે ચોરી કરવી પણ એવી કરવી કે એમાંથી આખી જિંદગી ગુજારો થઈ શકે. એક વાર ચોરી કરી આવીને પછી ઘરમાં બેઠા બેઠા ખાવું, બહાર નીકળીએ તો જુઠું બોલવું પાડે ને ? ચોરી પણ એવાને ઘરે કરવી જેની પાસે સૌથી વધુ ધન હોય છે. એવો તો કોણ હોય છે ? લાવ રાજાને ત્યાં ખાતર પાડું. એમ કરી એ નીકળ્યો.

**પ્રશ્નો-** ૧) વ્રત લીધા પછી બીજે દિવસે શું થયું?
૨) મનને શું થાય છે?
૩) આ ગદ્યાર્થ કઈ કૃતિમાંથી લેવામાં આવ્યો છે ? તેમજ તેના કર્તા પણ જણાવો.

૪) 'મુશ્કેલ'ના બે સમાનાર્થી શબ્દ જણાવો.

**પ્રશ્ન-૨ (બ) નીચેના પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ લખો. (કોઈપણ બે)** **(૬)**

૧) 'સૂરજ તો બધે જ સરખો' પાઠમાં આવતા માનવસ્વભાવ વિશે તેમજ 'સૌંદર્ય માણવાને બદલે ખાણી-પીણીમાં' વિશેષ રસ લેતા પ્રવાસીઓ વિશેની નોંધ લખો.

૨) દીપકના પિતાનું હૃદયપરિવર્તન તમારા શબ્દોમાં વર્ણવો.

૩) પોર્ટુગલના પાદરીઓ ખ્રિસ્તી ધર્મ ફેલાવવા માટે કેવી રીતો અપનાવતા હતા?

૪) 'ટિફિન' લઘુકથાનું હાર્દ સમજાવો.

## (Applied Grammar)

**પ્રશ્ન-૩(અ) નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપીને વાક્યમાં પ્રયોગ કરીને ફરીથી લાખો.** **(૩)**

૧) માથું વધેરવું

૨) કાળજાને કોરી ખાવું

૩) ધમણ ઉપડવી

**પ્રશ્ન–૩ (બ) નીચે આપેલા વાક્યોમાંથી ભાષાકીય અને જોડણીની દૃષ્ટિએ અયોગ્ય છે તો તેને યોગ્ય કરીને ફરીથી લખો.** **(૪)**

૧) મારું ઘર તારા જેવું છે.

૨) ઉપનિષદ એ પ્રાર્થના વિશ્વમા વિખ્યત છે.

૩) કૂતરા ભસતા હતા.

૪) લગ્નમાં સહકુટુંબ સાથે પધારજો.

## (Effective writing Skill)

**પ્રશ્ન-૪ નીચે આપેલા વિષયના મુદ્દા પરથી <u>કોઈપણ એક</u> વિષય પર ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો.** **(૭)**

**૧) <u>"જનતા : લોકશાહીનું સાચું બળ"</u>**

**મુદ્દા:-** ૧. પ્રાસ્તવિક ૨. લોકશાહીની સંકલ્પના ને અર્થ ૩. લોકશાહીનું સાચું બળ – પ્રજા યાને જનતા ! ૪. લોકશાહીમાં જનતાની જવાબદારી– ૫. લોકશાહીમાં જાગૃત નાગરિકોની અનિવાર્યતા ૬. લોકશાહીની સફળતાના ચાર પાયા ૭.ઉપસંહાર.

**૨) <u>"જીવનમાં વિદ્યાધનનું મહત્ત્વ"</u>**

**મુદ્દા:-** ૧. પ્રાસ્તવિક ૨. મનુષ્ય એટલે ઈચ્છાઓનું પોટલું ૩. નાણાં ની જરૂર ૪-૫. વિદ્યાધનનું મૂલ્ય અને ઉપસંહાર.

**૩) <u>"જિંદગી એટલે ઝિંદાદિલી"</u>**

મુદ્દા:- ૧. પ્રાસ્તવિક ૨. જીવનમાં વિવિધ ક્ષેત્રોમાં ઝિંદાદિલી ૩. સંતો-મહંતો અને મહાપુરુષોની ઝિંદાદિલી ૪. ઝિંદાદિલી માણસ કેવો હોય ? – ૫. મુર્દાદિલ માણસો ૬. ઉપસંહાર.

**પ્રશ્ન-૫ નીચે આપેલા મુદ્દા પરથી  બોધ અને શીર્ષક સાથે વાર્તાલેખન લખો.** **(૬)**

**મુદ્દા-** એક  શિલ્પી- મૃત્યુની  આગાહી- પોતાના જ જેવાં છ પૂતળાં બનાવવાં- યમદૂતનું આગમન- મૂંઝવણ- યુક્તિ-‘હા, એક ભૂલ કરી છે’ એમ બોલવું – શિલ્પીનો પ્રશ્ન, ‘કઈ ભૂલ?’- ‘બસ આ જ ભૂલ’- શિલ્પી પકડાઈ જવો.

**પ્રશ્ન-૬ નીચે આપેલા વિષય પરથી પત્ર લેખન <u>અથવા</u> તો જાહેરાત લેખન કરો.** **(૫)**

૧) ‘બેંક ઓફ બરોડા’ બેંકમાં બચત ખાતું ખોલાવવા માટેનું ફોર્મ મેળવવા શાખા મેનેજરને અરજી લખો.

૨) “પ્લાસ્ટિક બેગ બંદી” ભારતના આ પ્રોજેકટ વિશે સચિત્ર જાહેરાત લેખન લખો.